AU SMALL FINANCE BANK

# સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો (MITC)

સંસ્કરણ: 2.16 | તારીખ: 3 સપ્ટેમ્બર 2025

1. ફી અને શુલ્ક

A. કાર્ડની વાર્ષિક/રીન્યુઅલ ફી/જોઈનીંગ ફી

કાર્ડની વાર્ષિક/રીન્યુઅલ ફી, દરેક AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડધારક માટે અલગ અલગ પ્રકારના કાર્ડ પર, સમય-સમય બદલાઈ શકે છે. કાર્ડધારક જ્યારે ક્રેડિટ કાર્ડ માટે અરજી કરે છે ત્યારે તેને ફી જણાવવામાં આવે છે.

| શુલ્કનું વર્ણન | AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ્સ | | | |
|---|---|---|---|---|
| વાર્ષિક/રીન્યુઅલ ફી | **Altura** | ₹ 199 | **Vetta** | ₹ 2999 |
| | **Altura Plus** | ₹ 499 | **Zenith⁺, Traverse (NRI)** | ₹ 4999 |
| | **ABC PRO** | ₹ 999 | | ₹ 7999 |
| | **Business Cashback** | દર મહિને ₹99 | **ABC BIZ** | દર મહિને ₹ 49 |
| | **AU SPONT** | ₹ 299 | **AU NOMO** | ₹ 199 – વન ટાઈમ જોઈનિંગ ફી |
| | **LIT, InstaPay, ABC FLEX, ABC NXT, AU KOSMO, ixigo AU & SwipeUp- Xcite Series of Cards** | | | આજીવન મફત |
| વાર્ષિક/રીન્યુઅલ ફી ખર્ચની શરતો | 1 લા વર્ષની વાર્ષિક ફી પર માફી | | | |
| | **Altura** | કાર્ડ શરૂ થયાના પ્રથમ 90 દિવસમાં 10,000 ખર્ચો | | |
| | **ABC PRO** | કાર્ડ શરૂ થયાના પ્રથમ 30 દિવસમાં 15,000 ખર્ચો | | |
| | **Altura Plus** | કાર્ડ શરૂ થયાના પ્રથમ 90 દિવસમાં 20,000 ખર્ચો | | |
| | **Vetta** | કાર્ડ શરૂ થયાના પ્રથમ 90 દિવસમાં 40,000 ખર્ચો | | |
| | **Zenith** | કાર્ડ શરૂ થયાના પ્રથમ 90 દિવસમાંખર્ચો | | |
| | **Business Cash-back & ABC BIZ** | સ્ટેટમેન્ટ સાયકલની અંદર 10,000 ખર્ચો | | |
| માફી (ફક્ત છૂટક ખર્ચ ગણવામાં આવે છે) | 2 લા વર્ષની વાર્ષિક ફી પર માફી | | | |
| | **Altura** | અલ્ટુરા એક વર્ષમાં ₹ 40,000 ખર્ચો અને આવતા વર્ષ માટે માફી મેળવો | | |
| | **Altura Plus** | એક વર્ષમાં ₹8,00,000 ખર્ચો અને આવતા વર્ષ માટે માફી મેળવો વાર્ષિક ફી | | |
| | **Vetta & ABC PRO** | એક વર્ષમાં ₹1,50,000 ખર્ચો અને આવતા વર્ષ માટે માફી મેળવો વાર્ષિક ફી | | |
| | **Zenith⁺** | એક વર્ષમાં ₹8,00,000 ખર્ચો અને આવતા વર્ષ માટે માફી મેળવો વાર્ષિક ફી | | |
| | **Traverse (NRI)** | એક વર્ષમાં ₹6,00,000 ખર્ચો અને આવતા વર્ષ માટે માફી મેળવો વાર્ષિક ફી | | |
| | **Zenith** | એક વર્ષમાં ₹5,00,000 ખર્ચો અને આવતા વર્ષ માટે માફી મેળવો વાર્ષિક ફી | | |
| વધારાની કાર્ડ ફી | આજીવન મફત | | | |

બી. કેશ એડવાન્સ ફી

કાર્ડધારક ઘરેલુ/આંતરરાષ્ટ્રીય એટીએમમાંથી જરૂરિયાતના સમયે રોકડ ઉપાડવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકે છે. 2.5% અથવા રૂ. 500 ની ટ્રાન્ઝેક્શન ફી, બેમાંથી જે વધારે હોય તે ઉપાડેલી રકમ પર વસૂલવામાં આવશે અને તેનું બિલ આગામી સ્ટેટમેન્ટમાં કાર્ડધારકને આપવામાં આવશે.ઉપાડની તારીખથી સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી તમામ કેશ એડવાન્સ પર પણ રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક (કૃપા કરીને શુલ્કની અનુસૂચિ જુઓ) સમાન નાણાકીય શુલ્ક વસુલવામાં આવે છે.

સી. સર્વિસ અને ટ્રાન્ઝેક્શન શુલ્ક

માસિક/વાર્ષિક ધોરણે સમય-સમય પર લાગુ પડતા મુદતવીતી શુલ્ક સહિતની ફી અને શુલ્ક, કાર્ડધારકો દ્વારા કાર્ડધારકને AU સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી ચોક્કસ સેવાઓ માટે અથવા તેના કાર્ડ એકાઉન્ટના સંદર્ભમાં કાર્ડધારક દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટ માટે ચૂકવવાપાત્ર છે.

AU સ્મોલ ફાઇનાન્સ બેંક ગ્રાહકને યોગ્ય સૂચના આપીને સમય-સમય પર કોઈપણ શુલ્ક અથવા ફીમાં ફેરફાર કરવાનો અથવા કોઈપણ નવા શુલ્ક અથવા ફી રજૂ કરવાનો અધિકાર અનામત રાખે છે.કૃપા કરીને તમારા ક્રેડિટ કાર્ડ પર લાગુ થતી ફી અને શુલ્કની વિગતવાર માહિતી માટે 'શુલ્કના સમયપત્રક' નો સંદર્ભ લો.

**ડી. વ્યાજ મુક્ત સમયગાળો**

વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો ચોક્કસ ક્રેડિટ કાર્ડ (કૃપા કરીને શુલ્કના સમયપત્રકનો સંદર્ભ લો) અને વેપારી દ્વારા રજૂ કરવામાં આવતા દાવાઓ પર લાગુ થતી સ્કીમના આધારે 18 દિવસથી 48 દિવસ સુધીનો હોઈ શકે છે. જો કે, જો પાછલા મહિનાની બેલેન્સ સંપૂર્ણ રીતે ચુકવવામાં ન આવી હોય અથવા જો કાર્ડધારકે એટીએમમાંથી રોકડનો લાભ લીધો હોય તો આ લાગુ પડતું નથી.

જો અગાઉના તમામ લેણાંની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવી હોય અને અગાઉના/પાછલા મહિનાઓમાંથી કોઈ ચુકવવામાં ન હોય તે બેલેન્સ આગળ વધારવામાં ન આવે અને જો કુલ બાકી રકમ નિયત તારીખ સુધીમાં ચુકવવામાં ન આવે તો વ્યાજ મુક્ત સમયગાળો સ્થગિત કરવામાં આવે, તો જ વ્યાજમુક્ત સમયગાળો લાગુ થશે.

**ઉદાહરણ:** AU સ્મોલ ફાઇનાન્સ બેંક ઝેનિથ ક્રેડિટ કાર્ડમાં 48 દિવસ સુધીનો વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો હોય છે, જેનો અર્થ એ થાય છે કે જે ગ્રાહકની બિલિંગ તારીખ 15 છે, તે 16મી એપ્રિલથી 15મી મે સુધી તેના કાર્ડ પર ખર્ચ કરી શકે છે અને તેનું બિલ 15મી મેના રોજ જનરેટ થશે અને તેની ચૂકવણીની નિયત તારીખ 2જી જૂન હશે. આથી 20મી એપ્રિલે કરવામાં આવેલી ખરીદીનો ક્રેડિટ સમયગાળો 44 દિવસનો રહેશે.

**2. રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક**

- જ્યાં સુધી કાર્ડધારક તેની બાકીની સંપૂર્ણ રકમ અને તેના દ્વારા લેવામાં આવેલા તમામ કેશ એડવાન્સ પર ચૂકવણી ન કરે, ત્યાં સુધી રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક, વ્યવહારની તારીખથી તમામ વ્યવહારો પર લાગુ માસિક ટકાવારીના દરે, જ્યાં સુધી આ કાર્ડ ખાતા પર ચૂકવવામાં ન આવે ત્યાં સુધી ચૂકવવાપાત્ર રહેશે. જો આ શુલ્ક ચૂકવવાપાત્ર હોય, તો કાર્ડ પરની બાકી રકમ સંપૂર્ણ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી આ કાર્ડધારકના ખાતામાંથી ડેબિટ કરવામાં આવે છે. કેશ એડવાન્સના કિસ્સામાં, રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક, વ્યવહારની તારીખથી સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી લાગુ થાય છે.
- જ્યારે કાર્ડધારક કાર્ડની બાકી રકમ આગળ વધારે છે અથવા કેશ એડવાન્સ સુવિધા મેળવે છે, ત્યારે રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્કની ગણતરી સરેરાશ દૈનિક સિલક પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે અને તે આગળ વધારેલી બેલેન્સ અને નવા બિલ કરાયેલા વ્યવહારો પર લાગુ થાય છે.
- જયારે કોઈ કાર્ડધારક AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ પર રિવોલ્વિંગ ક્રેડિટ સુવિધાનો લાભ લે છે અને માસિક સ્ટેટમેન્ટમાં પ્રતિબિંબિત કુલ બાકી રકમ કરતાં ઓછી રકમ ચૂકવે છે, તો તમામ નવા વ્યવહારો સહિતની સંપૂર્ણ બાકી રકમ પર રિવોલ્વિંગ ક્રેડિટ પર શુલ્ક લાગશે અને જ્યાં સુધી અગાઉની બાકી રકમ સંપૂર્ણ પાછી ચુકવવામાં ન આવે ત્યાં સુધી શુલ્ક લાગુ રહેશે.
- જો ચુકવણીની નિયત તારીખ સુધીમાં ન્યુનતમ બાકી રકમ ચૂકવવામાં ન આવે, તો વિલંબિત ચુકવણી માટેના શુલ્ક લાગુ થશે, તો આ શુલ્કને ટાળવા માટે, ચૂકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડ ખાતામાં પૈસા જમા કરવા જરૂરી છે (શુલ્કના સમયપત્રકનો સંદર્ભ લો). ઓવર લિમિટ રકમના 2.5% ના દરે ક્રેડિટ મર્યાદા કરતાં વધી ગયેલી કુલ બાકી રકમ પર ઓવર લિમિટ શુલ્ક લાગુ થાય છે, જે ઓછામાં ઓછા ₹ 500 હોય શકે છે.
- જો એટીએમમાંથી પૈસા ઉપાડવા માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે તો કેશ એડવાન્સ શુલ્ક લાગુ થશે. રોકડ ઉપાડ માટે કેશ એડવાન્સ શુલ્ક સાથે વ્યાજ ચાર્જ પણ લાગુ પડે છે.

**નીચેનું ઉદાહરણ રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્કની ગણતરી કરવાની પદ્ધતિ સૂચવે છે:**

- ધારો કે કાર્ડધારકે અગાઉના તમામ લેણાં ચૂકવી દીધા છે અને તેના કાર્ડ ખાતામાં કોઈ બાકી નથી. તેના સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની 15મી છે અને રિવોલ્વિંગ ક્રેડિટ પર લાગુ પડતા શુલ્ક દર મહિને 3.75% છે.

| વ્યવહાર | રૂ |
|---|---|
| 10 એપ્રિલ, 2024 ના રોજ ખરીદો | ₹ 2,000 |
| 15 એપ્રિલ, 2024 ના સ્ટેટમેન્ટ પર કુલ બાકી રકમ | ₹ 2,000 |
| 15 એપ્રિલ, 2024 ના સ્ટેટમેન્ટ પર ન્યુનતમ બાકી રકમ | ₹ 100 |
| ચુકવણીની નિયત તારીખ - 3 મે, 2024 | |
| 7 મે, 2024 ના રોજ કરેલી ખરીદી | ₹ 800 |
| 10 મે, 2024 ના રોજ કરેલી ચુકવણી | ₹ 1,500 |
| 15 મે, 2024 ના સ્ટેટમેન્ટ પર, રિવોલ્વિંગ ક્રેડિટ પર નીચેના વ્યાજ શુલ્ક વસૂલવામાં આવશે: | |
| **વ્યાજની ગણતરી 3.75% પ્રતિ માસ:** | |
| એ. રૂ. 2000 પર 30 દિવસ માટે વ્યાજ (10 એપ્રિલથી 9 મે સુધી) | ₹ 73.97 |
| બી. રૂ. 500 પર 6 દિવસ માટે વ્યાજ (10 મે થી 15 મે સુધી) | ₹ 3.70 |

| | |
|---|---|
| સી. રૂ. 800 પર 9 દિવસ માટે વ્યાજ (7 મે થી 15 મે સુધી) | ₹ 8.88 |
| **15મી મેના સ્ટેટમેન્ટમાં વસૂલવામાં આવેલ કુલ વ્યાજ** | **₹ 86.55** |

તેણે તેના કાર્ડ એકાઉન્ટ પર કરેલા વ્યવહારોની સૂચિ અને રિવોલ્વિંગ ક્રેડિટ પર લાગુ પડતું વ્યાજ શુલ્ક નીચે મુજબ છે:

- કૃપા કરીને નોંધો: વ્યાજની ગણતરી = (બાકી રકમ * 3.75% પ્રતિ માસ * 12 મહિના * દિવસોની સંખ્યા) / 365.
- કૃપા કરીને નોંધ કરો કે રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક અથવા અન્ય કોઈપણ શુલ્ક સહિત તમામ શુલ્ક અને ફી AU સ્મોલ ફાઇનાન્સ બેંકની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી બદલાઈ શકે છે.
- કૃપા કરીને નોંધ કરો કે જો કાર્ડધારક ખાતાની ક્રેડિટ મર્યાદાને વટાવી જાય છે, તો ખાતા પર મર્યાદા કરતાં વધુ શુલ્ક વસૂલવામાં આવશે. ચોક્કસ સંજોગોમાં વસૂલવામાં આવી શકે તેવા શુલ્કોની સૂચિ માટે, કૃપા કરીને આ દસ્તાવેજના અંતે ઉપલબ્ધ શુલ્કના સમયપત્રકનો સંદર્ભ લો.
- રીટેલ ક્રેડિટ કાર્ડ્સ માટે મીનીમમ એમાઉન્ટ ડ્યૂ (એમએડી) ગણતરીની પદ્ધતિ: ડ્યૂ તારીખના રોજ/પહેલાં પહેલાંના સ્ટેટમેન્ટ માટે ટીએડી(ટૉટલ એમાઉન્ટ ડ્યૂ) ચૂકવનારા ગ્રાહકો માટે મીનીમમ એમાઉન્ટ ડ્યૂ (એમએડી) - મુખ્ય આઉટસ્ટેન્ડિંગના 5% + ફી/ચાર્જના 100% + વ્યાજના ચાર્જના 100% + ચૂકવવાપાત્ર(ડ્યૂ) ઈએમઆઈ + વાર્ષિક સભ્યપદ ફીના 100% (જો લાગૂપાત્ર હોય તો) + 100% જીએસટી રહેશે અને જે ગ્રાહકોએ ડ્યૂ તારીખના રોજ/પહેલા પહેલાંના સ્ટેટમેન્ટ માટે ટીએડી(ટૉટલ એમાઉન્ટ ડ્યૂ) નહીં ચૂકવનારા ગ્રાહકો માટે મીનીમમ એમાઉન્ટ ડ્યૂ(એમએડી) – મુખ્ય આઉટસ્ટેન્ડિંગના 2% + 100% ફી/ચાર્જ + વ્યાજના ચાર્જના 100% + બાકી ઈએમઆઈ + વાર્ષિક સભ્યપદ ફીના 100% (જો લાગૂપાત્ર હોય તો) + 100% જીએસટી રહેશે. ઉદાહરણ: જો MAD રકમ ₹ 1503.50 છે, તો ગણતરી પછી તે 10મા અંકના આગામી ગુણાંકમાં એટલે કે ₹ 1510 સુધી રાઉન્ડ-ઓફ કરવામાં આવશે. ઉપરાંત, અગાઉના સ્ટેટમેન્ટમાંથી ન ચુકવેલ કોઈપણ MAD પણ વર્તમાન સ્ટેટમેન્ટમાં ચૂકવવાપાત્ર MAD પર પહોંચવા માટે વર્તમાન MADમાં ઉમેરવામાં આવશે.

**નીચેનું ઉદાહરણ વિલંબિત ચુકવણી માટેના શુલ્કની ગણતરી કરવાની પદ્ધતિ સૂચવે છે:**

ઉપરના ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે ઓછામાં ઓછી ન્યુનતમ રકમ, એટલે કે ₹100 ની ચૂકવણી, નિયત તારીખ (3જી મે) સુધીમાં કરવી જરૂરી છે, જેથી વિલંબિત ચુકવણી માટેનું શુલ્ક વસૂલવામાં ન આવે. જો ન્યુનતમ બાકી રકમ ચૂકવવામાં ન આવે તો, વિલંબિત ચુકવણી માટેના શુલ્ક નીચેના કોષ્ટક મુજબ વસૂલવામાં આવશે:

| કુલ બાકી રકમ સ્ટેટમેન્ટ બેલેન્સ | વિલંબિત ચુકવણી પર શુલ્ક |
|---|---|
| રૂ. 100 કરતાં ઓછું અથવા તેની બરાબર | શૂન્ય |
| રૂ. 100 થી ઉપર અને રૂ. 500 સુધી | ₹ 100 |
| રૂ. 500 થી ઉપર અને રૂ. 5,000 સુધી | ₹ 600 |
| રૂ. 5,000 થી વધુ અને રૂ. 10,000 સુધી | ₹ 700 |
| રૂ. 10,000 થી વધુ અને રૂ. 20,000 સુધી | ₹ 800 |
| રૂ. 20,000 થી વધુ અને રૂ. 50,000 સુધી | ₹ 1,100 |
| રૂ. 50,000 થી વધુ | ₹ 1,300 |

આમ, ઉપરના ઉદાહરણમાં, ₹100 ની ન્યુનતમ રકમની ચુકવણી, તેની નિયત તારીખ, એટલે કે 3 મે, સુધીમાં કરવામાં ન હોવાથી અને કુલ બાકી રકમ ₹ 2000 હોવાના કારણે, વિલંબિત ચુકવણી માટેનું શુલ્ક, એટલે કે ₹ 500 3જી મે, ના રોજ વસૂલવામાં આવશે.જો તમે ચૂકવણીની નિયત તારીખ સુધીમાં બાકી રહેલ ન્યુનતમ રકમ કરતાં ઓછી ચુકવણી કરશો તો પણ આ શુલ્ક લાગુ થશે.

ડ્યૂ તારીખ પછી, કુલ ડ્યૂ રકમ પર નહીં, પરંતુ આઉટસ્ટેન્ડિંગ રકમ પર વિલંબિત ચૂકવણી પર શુલ્ક લાગૂ કરવામાં આવશે.

નિદર્શન:

| સ્થિતિ 1 | સ્થિતિ 1 | ટોટલ એમાઉન્ટ ડ્યૂ(ટીએડી) |
|---|---|---|
| જનરેટ કરવામાં આવેલ સ્ટેટમેન્ટ | 10-એપ્રિલ-24 | ₹ 25,000 |
| ડ્યૂ તારીખ | 28-એપ્રિલ-24 | |
| ડ્યૂ તારીખ સુધી કોઈ ચૂકવણી કરવામાં આવી નથી | | |
| રૂા.25,000ના આઉટસ્ટેન્ડિંગ પર વિલંબિત ચૂકવણી શુલ્કની ગણતરી કરવામાં આવશે | | |

| સ્થિતિ 1 | સ્થિતિ 2 | ટોટલ એમાઉન્ટ ડ્યૂ(ટીએડી) |
|---|---|---|
| જનરેટ કરવામાં આવેલ સ્ટેટમેન્ટ | 10-એપ્રિલ-24 | ₹ 25,000 |
| ડ્યૂ તારીખ | 28-એપ્રિલ-24 | |
| ડ્યૂ તારીખ સુધી કોઈ ચૂકવણી કરવામાં આવી નથી | | |
| **કેસ 1 –** પાછલા સ્ટેટમેન્ટ સાયકલમાં સમાવિષ્ટ લેવડદેવડ(ટ્રાન્સેઝક્શન) માટે 20 એપ્રિલ-24ના રોજ મળેલ 10,000ની ઉલટ લેવડદેવડ માટે, ટોટલ એમાઉન્ટ ડ્યૂને રીફંડ સાથે એડજસ્ટ કરવામાં આવશે અને તે 15,000 રહેશે. મોડી ચૂકવણીના ચાર્જ, જો લાગૂપાત્ર હોય તો, તે સુધારેલ ટૉટલ એમાઉન્ટ ડ્યૂના આધારે ગણવામાં આવશે.<br>**કેસ 2 –** વર્તમાન સ્ટેટમેન્ટ સાયકલમાં સમાવિષ્ટ લેવડદેવડ માટે, 20 એપ્રિલ-24ના રોજ મળેલ 10,000ની ઉલટ લેવડદેવડ માટે (જેના માટે સ્ટેટમેન્ટ જનરેટ કરવામાં આવ્યું નથી), ટૉટલ એમાઉન્ટ ડ્યૂ તેની તે રહેશે. | | |

**ડાયનેમિક અને સ્ટેટિક ક્રોસ કરન્સી કન્વર્ઝન માર્કઅપ ફી** આંતરરાષ્ટ્રીય સ્થાન પર અથવા ભારતમાં સ્થિત હોય પરંતુ વિદેશમાં નોંધાયેલા હોય તેવા વેપારીઓ પાસે ભારતીય ચલણમાં કરવામાં આવતા તમામ વ્યવહારો પર MITC ના SOC વિભાગમાં વ્યાખ્યાયિત કરાયેલ માર્કઅપ ફી વસૂલવામાં આવશે.

### 3. ક્રેડિટ મર્યાદા

કાર્ડધારક માટે ક્રેડિટ મર્યાદા અને રોકડ ઉપાડ મર્યાદા, AU બેંકના આંતરિક માપદંડના આધારે અને તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિના આધારે નિર્ધારિત કરવામાં આવે છે, જ્યાં એડ-ઓન કાર્ડધારકોની મર્યાદા, પ્રાથમિક કાર્ડધારકની મર્યાદા જેટલી જ હોય છે. આ મર્યાદાઓ કાર્ડધારકને કાર્ડ વિતરિત કરતી વખતે અને ક્રેડિટ કાર્ડના માસિક સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવે છે. સ્ટેટમેન્ટ તૈયાર કરતી વખતે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા (એટલે કે ઉપયોગ માટે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા) કાર્ડ સ્ટેટમેન્ટના ભાગ રૂપે પ્રદાન કરવામાં આવે છે. AU સ્મૉલ ફાયનાન્સ બેંક સમયાંતરે કાર્ડધારકના ખાતાનું મૂલ્યાંકન કરશે અને આંતરિક માપદંડના આધારે કાર્ડધારકની ક્રેડિટ મર્યાદા સુધારી શકે છે અને તે વિશે કાર્ડધારકને જાણ કરવામાં આવશે. કાર્ડધારક પાસેથી આવશ્યક સંમતિ લીધા બાદ જ ક્રેડિટ મર્યાદામાં કોઈ વધારો કરવામાં આવશે. આ ઉપરાંત, ક્રેડિટ મર્યાદામાં વધારો કરવા ઈચ્છતા કાર્ડધારકો ઍયુ સ્મૉલ ફાયનાન્સ બૅંકને લેખિતમાં જણાવીને અને તેમની આવક દર્શાવતા નાણાંકીય દસ્તાવેજો પૂરા પાડીને તેમ કરાવી શકે છે. ક્રેડિટ મર્યાદા વધારવા માંગતા કાર્ડધારકો AU સ્મોલ ફાઇનાન્સ બેંકને પત્ર લખીને અને તેમની આવક જાહેર કરતા નાણાકીય દસ્તાવેજો આપીને આમ કરી શકે છે.

AU બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, ઓવરલિમિટ સુવિધાને સક્ષમ કરવા માટે કાર્ડધારકોની સ્પષ્ટ સંમતિ લીધા પછી કાર્ડ્સને ઓવરલિમિટ કરવાની મંજૂરી આપી શકે છે. જો આવી ઓવરલિમિટ સુવિધાનો ઉપયોગ યુઝર દ્વારા કરવામાં આવે તો તેના પર લાગુ પડતાં ઓવરલિમિટ શુલ્ક વસુલવામાં આવશે. ફી અથવા વ્યાજ શુલ્કને કારણે પણ ઓવર-લિમિટ થઈ શકે છે. હાલમાં Traverse (NRI) કાર્ડ પર ઑવરલિમીટ સુવિધા માન્ય નથી.

### 4. બિલિંગ અને સ્ટેટમેન્ટ

AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડધારકને એક માસિક સ્ટેટમેન્ટ મોકલશે જેમાં છેલ્લા સ્ટેટમેન્ટથી કાર્ડધારકના ખાતામાં ડેબિટ/ક્રેડિટેડ, ફી અને શુલ્ક ડેબિટ/ક્રેડિટેડ અને ચૂકવણીઓ દર્શાવવામાં આવશે. AU સ્મોલ ફાઇનાન્સ બેંક પૂર્વ-નિર્ધારિત તારીખે કાર્ડ ખાતામાં વ્યવહારોનું માસિક સ્ટેટમેન્ટ એસએમએસ અને ઇમેઇલ દ્વારા મોકલશે. જો કાર્ડધારક ઈચ્છે તો ભૌતિક સ્ટેટમેન્ટ મેઇલિંગ સરનામા પર મોકલવામાં આવશે. AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડધારકના ખાતામાં ભૌતિક સ્ટેટમેન્ટની ડિલિવરી માટે શુલ્ક વસૂલી શકે છે.

- ક્રેડિટ કાર્ડ ધારકોના ખાતા પર કોઈ રકમની ચુકવણી બાકી ન હોવા અને કોઈ વ્યવહાર ન હોવાના કિસ્સામાં, સ્ટેટમેન્ટ જનરેટ કરવામાં નહીં આવે અને નોંધાયેલ ઈમેલ આઈડી અથવા સંચાર સરનામા પર મોકલવામાં નહીં આવે. તે નેટ/મોબાઇલ બેંકિંગ પર પણ ઉપલબ્ધ રહેશે નહીં. જો કે, જો વ્યવહાર કરવામાં આવે તો કાર્ડધારકને સ્ટેટમેન્ટ મળશે અને તે નેટ/મોબાઈલ બેંકિંગ પર પણ ઉપલબ્ધ રહેશે.
- AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ કાર્ડધારકને રિવોલ્વિંગ ક્રેડિટની સુવિધા આપે છે. કાર્ડધારક સ્ટેટમેન્ટ પર છાપેલ ન્યૂનતમ બાકી રકમ જ ચૂકવવાનું પસંદ કરી શકે છે. ચુકવવાની બાકી રહેતી રકમને આગામી માસિક બિલિંગ સ્ટેટમેન્ટમાં ઉમેરી શકાય છે. કાર્ડધારક કુલ બાકી રકમ અથવા ન્યુનતમ બાકી રકમથી વધુ રકમનો કોઈપણ ભાગ ચૂકવવાનું પણ પસંદ કરી શકે છે. અગાઉના સ્ટેટમેન્ટની ચૂકવણી ન કરાયેલ ન્યૂનતમ રકમ કાર્ડધારકની ક્રેડિટ મર્યાદા કરતાં વધુ બાકી રહેતી રકમ ઉપરાંત કાર્ડધારકોની વર્તમાન ન્યુનતમ રકમમાં ઉમેરવામાં આવશે. જો કે, જો MAD ચૂકવવામાં આવે તો અનુભાગ 2 માં દર્શાવેલ બાકી રકમ પર વ્યાજ વસુલવામાં આવશે.
- કાર્ડની બાકી રહેતી ચૂકવણીઓ ધ્યાનમાં લેવામાં આવે છે અને પછીના સ્ટેટમેન્ટમાં કાર્ડધારકને તેની જાણ કરવામાં આવે છે. કાર્ડધારકના કાર્ડની બાકી રહેતી રકમ સામે પ્રાપ્ત થયેલી ચુકવણીઓ તે ક્રમમાં તમામ લાગુ કર, ફી અને અન્ય શુલ્ક, રિવોલ્વિંગ ક્રેડિટ, વ્યાજ ચાર્જ, કેશ એડવાન્સ અને ખરીદીઓ સામે સમાયોજિત કરવામાં આવશે.
- કુલ બાકી રકમ અથવા ન્યુનતમ બાકી રકમની આવી ચુકવણી ચુકવણીની નિયત તારીખ પહેલાં થવી જોઈએ. વિલંબિત ચુકવણી માટે કોઈપણ શુલ્ક ટાળવા માટે ચૂકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ ખાતામાં ચુકવણી કરવી જરૂરી છે. ચુકવણીની નિયત તારીખ પહેલાં ક્રેડિટ કાર્ડ ખાતામાં ચુકવણી કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે કાર્ડધારકો ચુકવણીની નિયત તારીખ પહેલાં સ્થાનિક ચેક જમા કરી શકે છે.

**ક્રેડિટ કાર્ડ ખાતામાં ચૂકવણી નીચેની કોઈપણ રીતે કરી શકાય છે:**

નીચે AU સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા ચુકવણી માટે ભલામણ કરાયેલ અધિકૃત માધ્યમ આપવામાં આવ્યા છે. અમે કાર્ડધારકોને નીચે જણાવેલ માધ્યમોનો ઉપયોગ કરવાની અને અન્ય માધ્યમો દ્વારા ચૂકવણી ન કરવાની ભલામણ કરીએ છીએ:

A. **એ. ઇન્ટરનેટ બેંકિંગ:** જો કાર્ડધારક AU સ્મોલ ફાઇનાન્સ બેંકમાં ખાતું ધરાવે છે, તો ચુકવણી ઇન્ટરનેટ બેંકિંગ, મોબાઇલ બેંકિંગ અથવા એટીએમ દ્વારા કરી શકાય છે. કાર્ડધારક ઓટોપે તરીકે સ્થાયી સૂચના સુવિધાનો લાભ પણ લઇ શકે છે, જ્યાં નિયત તારીખે કાર્ડધારકના AU સ્મોલ ફાઇનાન્સ બેંક ખાતામાંથી કાર્ડધારકના ક્રેડિટ કાર્ડ ખાતામાં પૈસા આપમેળે ટ્રાન્સફર થઈ જાય છે.

B. **બી. બિલડેસ્ક સુવિધા:** જો કાર્ડધારક AU સ્મોલ ફાઇનાન્સ બેંકમાં ખાતું નથી ધરાવતું, તો તે અન્ય બેંકોના નેટ બેંકિંગ ખાતાનો ઉપયોગ કરીને બિલડેસ્ક સુવિધા દ્વારા ચુકવણી કરી શકે છે અથવા કાર્ડધારક અન્ય બેંકના ખાતામાંથી NEFT ફંડ ટ્રાન્સફર મોડ દ્વારા (IFSC કોડ AUBL0CCARDS નો ઉપયોગ કરીને) પણ ચુકવણી કરી શકે છે .

C. **સી. ચેક દ્વારા ચુકવણી:** AU સ્મોલ ફાઇનાન્સ બેંકની શાખાઓમાં મૂકવામાં આવેલા કોઈપણ AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ ડ્રોપ બોક્સમાં પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ (ચેક અથવા ડ્રાફ્ટ) જમા કરી શકાય છે. આ ઇન્સ્ટ્રુમેન્ટ AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ નંબર xxxx xxxx xxxx xxxx ને ચૂકવવાપાત્ર હોવું જોઈએ. AU સ્મોલ ફાઇનાન્સ બેંકના ચેકના કિસ્સામાં કૃપા કરીને ખાતરી કરો કે તે નિયત તારીખના ઓછામાં ઓછા 3 કાર્યકારી દિવસો પહેલા અને AU સ્મોલ ફાઇનાન્સ બેંક સિવાય અન્ય બેંકના ચેકના કિસ્સામાં નિયત તારીખના 5 કાર્યકારી દિવસો પહેલા જમા કરવામાં આવે છે.

D. **ડી. શાખાઓમાં રોકડ ચુકવણી:** ક્રેડિટ કાર્ડ જારી કરનારને યોગ્ય GST અનુપાલન કરવા સક્ષમ બનાવવા માટે યોગ્ય અને સમયસર માહિતી પ્રદાન કરવા માટે કાર્ડધારક જવાબદાર રહેશે. ઇનપુટ ટેક્સ ક્રેડિટના નુકસાન અથવા કાર્ડધારકને ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં વિલંબ માટે કાર્ડ જારી કરનાર જવાબદાર રહેશે નહીં.

- બિલિંગ સંબંધિત વિવાદો: સ્ટેટમેન્ટના તમામ વ્યવહારો કાર્ડધારક દ્વારા સાચા હોવાનું માનવામાં અને સ્વીકારવામાં આવશે, સિવાય કે સ્ટેટમેન્ટ જનરેટ થયાની તારીખથી 15 દિવસની અંદર અથવા વ્યવહારના પ્રોસેસિંગની તારીખથી 45 દિવસની અંદર કોઈપણ વિસંગતતા/અનિયમિતતા બેંકને સૂચિત કરવામાં આવે. કાર્ડધારકની વિનંતીના આધારે AU સ્મોલ ફાઇનાન્સ બેંક તપાસ શરૂ કરશે અને કામચલાઉ ધોરણે ચાર્જ ઉલટાવી શકે છે, જો કે, અનુગામી તપાસ પૂર્ણ થયા પછી, આવા શુલ્કની જવાબદારી, કેસ મુજબ કાર્ડધારકના ખાતા પર હોઈ શકે છે, જે સંબંધિત પુનઃપ્રાપ્તિ માટેની વિનંતીના શુલ્ક સાથે અનુગામી સ્ટેટમેન્ટમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે. વધુમાં વધુ ત્રીસ દિવસની અંદર, AU સ્મોલ ફાઇનાન્સ બેંક, કાર્ડધારક પાસેથી વિવાદની પ્રાપ્તિના આધારે, જ્યાં લાગુ પડતું હોય અને સભ્ય બેંક પાસેથી પ્રાપ્ત થાય તેવા જરૂરી દસ્તાવેજો, સંબંધિત કાર્ડ નેટવર્ક ફ્રેન્ચાઇઝી જેમ કે VISA વગેરે દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાને આધીન પૂરા પાડશે. કોઈપણ વિવાદના આધારે કોઈપણ GST વસૂલવામાં આવશે નહીં.

**5. ડિફોલ્ટ અને સંજોગો**

- ડિફોલ્ટના કિસ્સામાં, કાર્ડધારકને ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ પરની કોઈપણ બાકી રકમની ચુકવણી માટે પોસ્ટ, ટેલિફોન, ઈ-મેલ, એસએમએસ મેસેજ, વોટસએપ મેસેજ અને/અથવા ચુકવણી કારનું યાદ અપાવવા, ફોલોઅપ કરવા અને લેણાં વસૂલવા સંલગ્ન તૃતીય પક્ષ દ્વારા બેંક તરફથી સમય-સમય પર રિમાઇન્ડર મોકલવામાં આવશે. આ રીતે નિમણૂક કરાયેલ કોઈપણ તૃતીય પક્ષ, લેણાંની વસૂલાત પર આચાર સંહિતાનું સંપૂર્ણ પાલન કરશે. કાર્ડધારકના મૃત્યુના કિસ્સામાં, AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડધારકના કાનૂની વારસદારો પાસેથી/મિલકતમાંથી કુલ બાકી રકમ વસૂલવા માટે હકદાર રહેશે.
- જો કાર્ડ સભ્ય બિલિંગ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ તારીખ સુધીમાં ન્યુનતમ બાકી રકમ ન ચૂકવે, તો તેને ડિફોલ્ટ તરીકે ગણવામાં આવશે. ડિફોલ્ટના કિસ્સામાં, બેંક ડિફોલ્ટ રિપોર્ટ, ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો અથવા કાયદા દ્વારા મંજૂર કરાયેલી અન્ય એજન્સીઓને મોકલી શકે છે. ચુકવણીની નિયત તારીખ અને બિલિંગ સ્ટેટમેન્ટ પર દર્શાવેલ બિલિંગ તારીખ વચ્ચેનો સમયગાળો કાર્ડ સભ્યને, તે ડિફોલ્ટર છે એ જાણ કરવા માટે નોટિસ પિરિયડ તરીકે ગણવામાં આવે છે. ક્રેડિટ કાર્ડ સુવિધાઓને સંચાલિત કરતા નિયમો અને શરતો પૂરક કાર્ડ ધારકોને પણ લાગુ પડશે.
- ડિફોલ્ટ રિપોર્ટ પાછી ખેંચવાની પ્રક્રિયા અને બાકી રકમની ચુકવણી પછી ડિફોલ્ટ રિપોર્ટ પાછી ખેંચી લેવા માટેનો સમયગાળો: ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) એક્ટ, 2005ના સંદર્ભમાં, બેંક CIC દ્વારા નિર્ધારિત ફોર્મેટમાં CIC ક્રેડિટ માહિતી કંપનીઓને દર મહિને કાર્ડ સભ્યનો ડેટા સબમિટ કરે છે. આ ડેટામાં પાછલા મહિનાના ડિફોલ્ટર્સ અને વર્તમાન, બંને સહિતના તમામ કાર્ડધારકોની ચુકવણીની સ્થિતિનો સમાવેશ થાય છે. CIC ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ બીજા ત્રીસ દિવસમાં તેમના સર્વર પર સબમિટ કરેલ ડેટા અપલોડ કરે છે. તમારા લેણાં અંગે કોઈ ડિફોલ્ટના કિસ્સામાં, ક્રેડિટ બ્યુરોને ડિફોલ્ટ તરીકે સ્થિતિની જાણ કરતા પહેલા તમને સાત દિવસની નોટિસ આપવામાં આવશે.આ ઘટનામાં, જો કાર્ડધારકને ડિફોલ્ટ તરીકે જાણ કર્યા પછી બાકી લેણાંની ચુકવણી કરવામાં આવે, તો તે ચુકવણીના 30 દિવસની અંદર અપડેટ કરવામાં આવશે.કોઈપણ અનિર્ણિત વિવાદના કિસ્સામાં, વિવાદનું સમાધાન થયા પછી જ વ્યવહાર સંબંધિત માહિતી બ્યુરોને જાહેર કરવામાં આવશે.
- કાર્ડધારકની મૃત્યુ/સ્થાયી વિકલાંગતાના કિસ્સામાં લેણાંની વસૂલાત નીચે મુજબ કરવામાં આવશે: કાર્ડ સભ્યના ઉત્તરાધિકારીઓ/નોમિની/કાનૂની વારસદારોને બાકી લેણાંની ચૂકવણી માટે પૂરતી સૂચના અને બાકી લેણાં સંબંધિત તમામ માહિતી આપ્યા પછી લાગુ પડતા કાયદાઓ અનુસાર વસુલાત કરવામાં આવશે.
- કોમ્પ્લીમેન્ટરી ઇન્શ્યોરન્સ કવર કાર્ડના પ્રકારના આધારે અને અલગ-અલગ કાર્ડ માટે અલગ-અલગ હોય શકે છે. કાર્ડ સભ્ય AU સ્મોલ ફાઇનાન્સ બેંકના વિશિષ્ટ કાર્ડ હેઠળ તેને આપવામાં આવેલ ચોક્કસ કોમ્પ્લિમેન્ટરી ઇન્શ્યોરન્સ કવરને તપાસવા અને સમજવા માટે સંમત થાય છે. કાર્ડના પ્રકાર પર જારી કરાયેલા લાગુ સંપૂર્ણ ઇન્શ્યોરન્સ કવરેજ માટે, કાર્ડ સભ્યે AU સ્મોલ ફાઇનાન્સ બેંકની વેબસાઇટ અને કાર્ડ સભ્ય કરાર તપાસવાની જરૂર છે.

6. **પૂર્વાધિકારનો અધિકાર**

AU સ્મોલ ફાઇનાન્સ બેંક કોઈપણ સમયે, કોઈપણ સૂચના આપ્યા વિના, બેંક, બેંકમાં કાર્ડધારક દ્વારા કાર્ડધારકના ક્રેડિટમાં રહેલા કોઈપણ અથવા તમામ નાણાં/થાપણો/ખાતાઓ સામે બાકી રકમની વસુલાત માટે તેના પૂર્વાધિકાર અને વસુલાતના અધિકારનો ઉપયોગ કરી શકે છે.

7. **કાર્ડ સભ્યપદની સમાપ્તિ / રદબાતલ / ત્યાગ**

- કાર્ડધારક કોઈપણ સમયે કોઈપણ પૂર્વ સૂચના આપીને અથવા વગર કાર્ડ ખાતાને બંધ કરવાનું પસંદ કરી શકે છે. ક્રેડિટ કાર્ડનું દુરુપયોગ ટાળવા માટે, હોલોગ્રામ, કાર્ડ ચિપ અને મેગ્નેટિક સ્ટ્રીપ કાયમી ધોરણે નાશ પામે તે સુનિશ્ચિત કરવા માટે ક્રેડિટ કાર્ડ અને એડ ઓન કાર્ડને ચાર ટુકડાઓમાં કાપવાની સલાહ આપવામાં આવે છે. કાર્ડધારક AU સ્મોલ ફાઇનાન્સ બેંક કસ્ટમર કેર હેલ્પલાઇન પર કૉલ કરીને અથવા નીચેના સરનામે AU સ્મોલ ફાઇનાન્સ બેંકને પત્ર લખીને કાર્ડ સભ્યપદ સમાપ્ત કરી શકે છે: AU સ્મોલ ફાઇનાન્સ બેંક, ક્રેડિટ કાર્ડ ડિવિઝન, ત્રીજો માળ હોલ સી, સની જંકશન એસટીસી, ન્યૂ આતિશ માર્કેટ, જયપુર રાજસ્થાન 302020. કાર્ડ ખાતામાં બાકી રહેલી તમામ રકમની ચૂકવણીની પ્રાપ્તિ પછી ખાતું બંધ કરી શકાશે. કાર્ડની કોઈપણ વાર્ષિક અથવા રીન્યુઅલ ફી રિફંડ કરવામાં આવશે નહીં.

| સંપર્કના | માધ્યમો/ વિગતો |
|---|---|
| ઓરો | https://www.aubank.in/personal-banking/auro |
| શાખા પર બેંકિંગ | બસ શાખાની મુલાકાત લો અને અમારા સ્ટાફ સાથે વાત કરો |
| ટોલ ફ્રી નંબર | 1800 1200 1500 |
| અમને લખો | creditcard.support@aubank.in |

- જો કાર્ડ પર અસામાન્ય અથવા અસાધારણ વ્યવહારોની પેટર્ન, AU સ્મોલ ફાઇનાન્સ બેંકના ધ્યાનમાં આવે છે તો બેંક આવ વ્યવહારોની સત્યતા ચકાસવા માટે ગ્રાહકના નોંધાયેલા નંબર પર ગ્રાહક સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે. જો બેંક ગ્રાહક સાથે સંપર્ક સ્થાપિત કરવામાં નિષ્ફળ જાય, તો વ્યાજબી રીતે સુરક્ષા સંબંધિત કારણોના હિતમાં અથવા કાર્ડધારકના હિતમાં જરૂરી માને તેમ બેંક કાર્ડનો ઉપયોગ બંધ કરી શકે છે અથવા પ્રતિબંધિત કરી શકે છે. કાર્ડધારકે તેમની આંતરરાષ્ટ્રીય કાર્ડ વપરાશ સુવિધા સક્રિય કરવી પાડવી પડશે જેના માટે તેમણે AU બેંક 0101 ડિજિટલ એપ્લિકેશન સહિત કોઈપણ બેંકિંગ માધ્યમનો ઉપયોગ કરીને બેંક સાથે સંપર્કમાં રહેવાની જરૂર રહેશે.
- ગ્રાહકે એ ખાતરી કરવી પડશે કે AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ (આંતરરાષ્ટ્રીય વ્યવહારો) ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999, તેમાં બનાવેલા FEMA નિયમો અને RBI દ્વારા સમય-સમય જારી કરાયેલા નિર્દેશો સહિત લાગુ કાયદા અનુસાર થાય છે. ઉપરોક્તનું પાલન ન કરવા પર, ગ્રાહકને ફોરેન એક્સચેન્જ (કમ્પાઉન્ડિંગ કાર્યવાહી) નિયમો, 2000 હેઠળ દંડ થઈ શકે છે.
- કારધારકે એ ખાતરી કરવી પડશે કે પ્રાથમિક અથવા એડ ઓન કાર્ડનો ઉપયોગ ફોરેક્સ ટ્રેડિંગ, જુગાર, લોટરી, સટ્ટાબાજી, ડેટિંગ સાથે સંકળાયેલા વ્યવહારો માટે કરવામાં ન આવે. આમ કરવામાં કોઈપણ નિષ્ફળતાના કિસ્સામાં, FEMA 1999 અથવા તેના વૈધાનિક ફેરફારો હેઠળ લાગુ પડતી કોઈપણ કાર્યવાહી માટે કાર્ડધારક જવાબદાર રહેશે.
- નેપાળ અને ભુતાનમાં વેપારી સંસ્થાઓમાં ફોરેન એક્સચેન્જમાં ચૂકવણી સિવાય કાર્ડધારકને જારી કરાયેલ આંતરરાષ્ટ્રીય રીતે માન્ય કાર્ડ વિશ્વભરમાં માન્ય છે. કાર્ડના સંદર્ભમાં, જેનો ઉપયોગ ફક્ત ભારત/નેપાળ/ભૂતાનમાં પ્રતિબંધિત છે, તેનો ઉપયોગ ભારત/નેપાળ/ભૂતાનની બહાર કરવો એ "ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ" (FEMA) અથવા અન્ય કોઈપણ અનુરૂપ કાયદાનો ભંગ છે. કાર્ડધારક આ શરતોના ઉલ્લંઘનમાં પરિણામે તેવા કાર્ડના ખોટા ઉપયોગ માટે સંપૂર્ણ જવાબદારી સ્વીકારે છે અને કાર્ડધારક દ્વારા જોગવાઈઓના ઉલ્લંઘનના કારણે AU સ્મોલ ફાઇનાન્સ બેંકને ભોગવવા પડે/અથવા ભોગવવા પડી શકે તેવા કોઈપણ નુકસાન, હાનિ, વ્યાજ, રૂપાંતરણ, અન્ય કોઈપણ નાણાકીય શુલ્ક માટે બેંકને વળતર આપવાનું વચન આપે છે અને તેના માટે સંમત થાય છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય કાર્ડ અને અન્ય તમામ કાર્ડનો ઉપયોગ ઈન્ટરનેટ પર અથવા અન્યથા પ્રતિબંધિત વસ્તુઓ જેમ કે લોટરી ટિકિટ, પ્રતિબંધિત સામયિકો, સ્વીપસ્ટેક્સમાં ભાગ લેવા, કૉલ-બેક સેવાઓ માટે ચુકવણી, ફોરેન ફોરેક્સ ટ્રેડિંગ તરફ કોઈપણ સ્વરૂપમાં રેમિટન્સ, ઓવરસીઝ એક્સચેન્જો/ઓવરસીઝ કાઉન્ટરપાર્ટીને માર્જિન કૉલ, સ્થાનિક/વિદેશી બજારોમાં ફોરેન એક્સચેન્જમાં ટ્રેડિંગ વગેરે માટે કરી શકાતો નથી.
- કૃપા કરીને નોંધ કરો કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA), 1999 હેઠળ, ભારતીય રહેવાસીઓને ઈલેક્ટ્રોનિક/ઈન્ટરનેટ ટ્રેડિંગ પોર્ટલ દ્વારા ફોરેન એક્સચેન્જમાં ટ્રેડ કરવા પર પ્રતિબંધ છે. જો આવા વ્યવહારો તમારા ક્રેડિટ કાર્ડ અથવા ઓનલાઈન/મોબાઈલ બેંકિંગ પર ધ્યાનમાં આવશે, તો અમારે તમારું કાર્ડ/ખાતું બંધ કરવું પડશે.
- જો કાર્ડધારક ચૂકવણીમાં ડિફોલ્ટ કરે અથવા કાર્ડનો ઉપયોગ નિર્ધારિત ક્રેડિટ મર્યાદા કરતાં વધી જાય તો AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડને સ્થગિત કરી શકે છે.
- ક્રેડિટ કાર્ડ પ્રોગ્રામ બંધ થવાના કિસ્સામાં અથવા ક્રેડિટ કાર્ડ રીન્યુ કરતી વખતે, AU સ્મોલ ફાઇનાન્સ બેંક તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કાર્ડધારક દ્વારા પસંદ કરવામાં આવેલ હાલના કાર્ડના પ્રકારથી અલગ હોય તેવો કાર્ડનો પ્રકાર નિર્ધારિત કરવાનો અધિકાર અનામત રાખે છે. કોઈપણ સમયે કોઈપણ ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ મર્યાદા અને રોકડ મર્યાદા, AU સ્મોલ ફાઈનાન્સ બેંકની સંપૂર્ણ વિવેકબુદ્ધિ મુજબ રહેશે.
- કાર્ડ એપ્લિકેશન બંધ/રીન્યુ કરતી વખતે પ્રદાન કરવામાં આવેલ કોઈપણ બદલી કાર્ડ માટે માન્ય રહેશે.
- કાર્ડધારક દ્વારા ક્રેડિટ કાર્ડના ઉપયોગની પેટર્નના આધારે, જો AU સ્મોલ ફાઇનાન્સ બેંકને ઉપયોગની કોઈપણ પેટર્ન શંકાસ્પદ lag, તો બેંક ક્રેડિટ કાર્ડ પર પ્રતિબંધાત્મક પગલાં લઈ શકે છે. આવા પગલાં તાત્કાલિક અસરથી લેવામાં આવી શકે છે અને તેમાં કાર્ડની સુવિધાઓ અથવા લાભો પાછા ખેંચવા અથવા કાર્ડને સંપૂર્ણપણે બંધ કરવું શામેલ હોઈ શકે છે. ક્રેડિટ કાર્ડ અથવા સુવિધાઓ અથવા લાભો પુનઃસ્થાપિત કરવા માટે યોગ્ય ઉપયોગનો સંતોષકારક પુરાવો પ્રદાન કરવાની જવાબદારી કાર્ડધારકની રહેશે.આ અંગે AU બેંકનો નિર્ણય અંતિમ અને તમામ કાર્ડધારકો માટે બંધનકર્તા રહેશે.

- કાર્ડધારકની મૃત્યુ અથવા તેની નાદારી/દેવાળું અથવા કોર્પોરેટ સંસ્થા બંધ થવાને કારણે તેની કાયમી અસમર્થતતાના કિસ્સામાં, AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડધારકને અથવા એડ-ઓન કાર્ડધારકોને જારી કરાયેલ કાર્ડ આપમેળે રદ કરી દેશે. કોઈપણ સરકારી નિયમનકારી સંસ્થાની સૂચનાઓ પર પણ કાર્ડ ખાતું બંધ કરી દેવામાં આવશે. AU સ્મોલ ફાઇનાન્સ બેંક અમલમાં લાગતા સંબંધિત કાયદાઓ અનુસાર આવી ઘટનામાં કાર્ડ પરની બાકી રકમ વસૂલવા માટે હકદાર હશે.
- ક્રેડિટ કાર્ડ બંધ કરવાની વિનંતી કરવા માટે, કાર્ડ સભ્ય IVR 1800 1200 1500 મારફતે વિનંતી કરી શકે છે, કાર્ડના પ્રકારના આધારે ઉલ્લેખિત ઈમેલ આઈડી અથવા 'auro' ચેટબોટ પર વિનંતી કરી શકે છે. લિંક:- વેબસાઈટ

  **https://aubank.in/personal-banking/credit-cards**

**8. કાર્ડ ખોવાઈ જવું/ચોરી થવું/દુરુપયોગ થવો**

- ખોવાઈ ગયેલા, ચોરાઈ ગયેલા, વિકૃત થઈ ગયેલા, કાર્ડ પ્રાપ્ત ન થવાના કિસ્સામાં અથવા જ્યારે કાર્ડધારકને શંકા હોય કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ તેની પરવાનગી વિના કરવામાં આવી રહ્યો છે, ત્યારે કાર્ડધારકે AU સ્મોલ ફાઇનાન્સ બેંકને તેના 24 કલાક કોલ સેન્ટર એટલે કે 1800 1200 1500 પર તરત જ જાણ કરવી જોઈએ. વધુમાં, ગ્રાહક નીચેના માધ્યમો દ્વારા વિનંતી કરી શકે છે:
- જો ગ્રાહકને લાગે કે કાર્ડનો દુરુપયોગ થઈ રહ્યો છે તો તેઓ નીચેની પદ્ધતિનો ઉપયોગ કરીને કાર્ડને બ્લૉક કરવાની વિનંતી કરી શકે છે.

  - તમારા કાર્ડને હંગામી ધોરણે બ્લૉક કરવા માટે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી 5676767 પર "ટીબ્લૉક(TBLOCK)<Space>Credit Cardના છેલ્લા 4 આંકડા><સ્પેસ><ગ્રાહક આઈડી>" નો એસએમએસ મોકલો.
  - તમારા કાર્ડને કાયમી ધોરણે બ્લૉક કરવા માટે તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી 5676767 પર એસએમએસ "PBLOCK<Space(સ્પેસ)><ક્રેડિટ કાર્ડના છેલ્લાં 4 આંકડા><Space><કસ્ટમર આઈડી>" મોકલો

| | |
|---|---|
| ઇમેલ | creditcard.support@aubank.in |
| ગ્રાહક સમર્થન (IVR) | 1800 1200 1500 |
| ચેટ બોટ | https://www.aubank.in/personal-banking/auro |
| ઈન્ટરનેટ બેન્કિંગ/ મોબાઈલ બેન્કિંગ | વેબ/એપ લોગીન>> ક્રેડિટ કાર્ડ >> મેનેજ ક્રેડિટ કાર્ડ >> બ્લોક/અનબ્લોક ક્રેડિટ કાર્ડ |
| વેબસાઈટ | https://www.aubank.in/cards/ credit-card/block-credit-card |
| મેઇલ એડ્રેસ | AU સ્મોલ ફાઇનાન્સ બેંક, ક્રેડિટ કાર્ડ ડિવિઝન,<br>ત્રીજો માળ હોલ સી, સની જંકશન એસટીસી,<br>ન્યૂ આતિશ માર્કેટ, જયપુર રાજસ્થાન 302020. |

અસલ કાર્ડની પુનઃપ્રાપ્તિની જાણ તરત જ AU સ્મોલ ફાઇનાન્સ બેંકને કરવી આવશ્યક છે અને હોલોગ્રામ, કાર્ડ ચિપ અને મેગ્નેટિક સ્ટ્રીપ કાયમી ધોરણે નાશ પામે છે તેની ખાતરી કરવા માટે કાર્ડને ચાર ટુકડાઓમાં કાપવા જોઈએ અને આ ટુકડાઓ AU સ્મોલ ફાઇનાન્સ બેંકને પરત કરવામાં આવવા જોઈએ.

- AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડ ખોવાઈ જવાની જાણ કરતા પહેલા કાર્ડ ખાતામાં કરવામાં આવેલ કોઈપણ વ્યવહાર માટે જવાબદાર નહીં રહે અને તેના માટે કાર્ડધારક જવાબદાર રહેશે.
- કાર્ડધારકની સંમતિથી કાર્ડ/કાર્ડની વિગતો/ઓટીપી/એમપીન/કાર્ડ સંબંધિત કોઈપણ વિગતો અથવા પીન મેળવનાર કોઈ વ્યક્તિ દ્વારા કાર્ડના દુરુપયોગના કિસ્સામાં તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર રહેશે.
- કાર્ડધારકે કાર્ડ અને પિનની સલામતીની ખાતરી કરવાની રહેશે. બેંકે ખાતરી કરવાની રહેશે કે કાર્ડધારક સિવાય કોઈને પણ કોઈપણ સંજોગોમાં પિન જાહેર કરવામાં ન આવે.
- જ્યારે ભારતની બહાર સ્થિત વેપારીઓ સાથે POS પરના કાર્ડ વ્યવહાર કરવામાં આવે, ત્યારે વેપારીઓ દ્વારા પીન અથવા કોઈપણ વધારાના પ્રમાણીકરણ વિના પ્રક્રિયા થઈ શકે છે કારણ કે આવા દેશોમાં પીનનો ઉપયોગ કરવાનું ફરજીયાત હોતું નથી. AU સ્મોલ ફાઇનાન્સ બેંકને કાર્ડ ખોવાઈ ગયા જાણ થાય તે પહેલા આવા તમામ વ્યવહારો માટે કાર્ડધારક જવાબદાર છે. કાર્ડ ખોવાઈ ગયા કે ચોરી અંગે AU સ્મોલ ફાઇનાન્સ બેંકને જાણ કરવા ઉપરાંત, કાર્ડધારકે કાર્ડ ખોવાઈ જવા કે ચોરીની જાણ સ્થાનિક પોલીસને કરવી જોઈએ, FIR નોંધાવવી જોઈએ અને પોલીસ ફરિયાદની નકલ બેંકને પ્રદાન કરવી જોઈએ.
- AU સ્મોલ ફાઇનાન્સ બેંક પોલીસ અથવા અન્ય સંબંધિત અધિકારીઓને એવી કોઈપણ માહિતી આપી શકે છે કે જે AU સ્મોલ ફાઇનાન્સ બેંક મુજબ કાર્ડ ખોવાઈ જવા અથવા ચોરી અથવા કાર્ડ અથવા પિનનો દુરુપયોગ સાથે સંબંધિત છે.
- જો કાર્ડધારક દ્વારા, AU સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા સંભવિત છેતરપિંડીના જોખમની જાણ કર્યા પછી, હજુ પણ કાર્ડને અનબ્લોક કરવાની વિનંતી કરવામાં આવે, તો AU સ્મોલ ફાઇનાન્સ બેંક ત્યારપછી કાર્ડના કપટપૂર્ણ ઉપયોગને કારણે અથવા અન્ય કારણોસર જાણ કરવામાં આવેલ કોઈપણ કપટપૂર્ણ વ્યવહારો માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- કૃપા કરીને અમારી ગ્રાહક સુરક્ષા નીતિનો સંદર્ભ લો. https://www.aubank.in/cards/credit-card/documents

**9. રીવોર્ડ પોઈન્ટ્સ**

- વિગતો માટે કૃપા કરીને કાર્ડ સભ્ય કરાર અથવા AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ વેલકમ લેટરનો સંદર્ભ લો

**10. ફરિયાદ નિવારણ અને વળતરનું માળખું**

***(i) ફરિયાદ નિવારણ અને એસ્કેલેશનની પ્રક્રિયા:*** બેંક સાથેના કોઈપણ તાજેતરના સંપર્કોના પ્રતિસાદથી સંતુષ્ટ ન હોવાના કિસ્સામાં અને તમારી ફરિયાદનું નિરાકરણ અને વધુ વિગતો મેળવવા માટે, કૃપા કરીને www.aubank.in/support/contact-us ના ફરિયાદ નિવારણ વિભાગની મુલાકાત લો.

***(ii) ફરિયાદોના નિવારણ માટેની સમયરેખા:*** ગ્રાહકની ફરિયાદને 30 દિવસના સમયગાળાની અંદર ઉકેલવામાં આવશે, જો તમારી સમસ્યા હજુ પણ ઉકેલવામાં નથી આવી અથવા જો તમને ફરિયાદ નોંધાવ્યાના 30 દિવસની અંદર પ્રતિસાદ મળ્યો નથી, તો તમે ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિયુક્ત બેંકિંગ લોકપાલનો સંપર્ક કરી શકો છો.

***(iii) અસફળ/નિષ્ફળ વ્યવહારો,*** ફરિયાદના નિવારણમાં વિલંબ, ખાતું બંધ થવામાં વિલંબ/ખોવાયેલ કે ચોરાઈ ગયેલા કાર્ડને બ્લોક કરવામાં વિલંબ, વગેરે માટે વળતરનું માળખું. અસફળ/નિષ્ફળ વ્યવહાર કિસ્સામાં, TAT ના આધારે, બેંક 5 દિવસની અંદર અવરોધિત રકમને રિવર્સ કરશે (માત્ર સ્થાનિક વ્યવહારો માટે લાગુ). ક્રેડિટ કાર્ડ વડે કરવામાં આવેલ કોઈપણ નિષ્ફળ/અસફળ વ્યવહાર T+5 દિવસમાં ઓટો રિવર્સ થઈ જશે. ઉલ્લેખિત રિવર્સલ TAT કરતાં વધુ વિલંબ થવા પર ગ્રાહકે બેંકની ગ્રાહક સુરક્ષા નીતિ મુજબ વળતર આપવાનું રહેશે. આવા વ્યવહાર પર દાવાના કિસ્સામાં નિયમિત વિવાદ પ્રક્રિયા અનુસરવામાં આવશે. ગ્રાહકો દ્વારા ભૂલભરેલા તરીકે નોંધાયેલા વ્યવહારો, જેને વેપારી સંસ્થાના ચોક્કસ સંદર્ભની જરૂર હશે, તે કાર્ડ નેટવર્ક્સ (VISA / RuPay) દ્વારા નિર્ધારિત ચાર્જબેક નિયમો અનુસાર નિયંત્રિત કરવામાં આવશે.

જો AU સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા સાત કાર્યકારી દિવસોમાં ક્રેડિટ કાર્ડ બંધ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં ન આવે, તો ક્રેડિટ કાર્ડ ખાતામાં કોઈ ચુકવણી બાકી ન હોવાની શરતે, ક્રેડિટ કાર્ડ બંધ ન થાય ત્યાં સુધી બેંક દ્વારા ગ્રાહકને પ્રત્યેક વિલંબિત દિવસ માટે ₹ 500 નો દંડ ચુકવવામાં આવશે.

***(iv) કાર્ડ જારી કરનારની સંપર્ક વિગતો - 24-કલાક કોલ સેન્ટર, ઈમેલ આઈડી, હેલ્પલાઈન, અન્ય મહત્વપૂર્ણ ટેલિફોન નંબર:***

| | |
|---|---|
| Our 24X7 Call Centre Number | 1800 1200 1500 |
| Email | Creditcard.support@aubank.in<br>Creditcard.priority@aubank.in **(Zenith, Zenith+ અને Vetta કાર્ડધારકો માટે)**<br>NRIservices@aubank.in (**Traverse (NRI)**) |
| Mail | AU Small Finance Bank, Credit Card Division, 3rd Floor Hall C, Sunny Junction STC, New Atish Market, Jaipur Rajasthan 302020. |
| Telephone | 0141-7141100 (**Traverse (NRI)**) |

**11. જાહેરાત**

- કાર્ડધારક સ્વીકારે છે કે હાલની વ્યાપારી પ્રથાઓ મુજબ AU સ્મોલ ફાઇનાન્સ બેંક સમય સમય પર ક્રેડિટ કાર્ડ/ઓ સંબંધિત કોઈપણ માહિતી, કોઈપણ ક્રેડિટ બ્યુરો (હાલની અથવા ભાવિ) ને, કાર્ડધારકને કોઈપણ પૂર્વ સૂચના વિના જાહેર કરી શકે છે. ક્રેડિટ બ્યુરો સાથે ગ્રાહકનો ડેટા શેર કરવાની આવશ્યકતા મુજબ બેંક સહિત તમામ નાણાકીય સંસ્થાઓ આ પહેલમાં ભાગ લઈ રહી છે અને આ માહિતી, ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઝ રેગ્યુલેશન એક્ટ, 2005ની શરતોમાં પૂરી પાડવામાં આવી રહી છે.
- AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડધારકને જણાવે છે કે જો કાર્ડ પર ચુકવણી બાકી હોય, તો કાર્ડ ધારક દ્વારા આ ડિફોલ્ટ સંબંધિત કોઈપણ માહિતી, કાર્ડધારકને યોગ્ય રીતે જાણ કર્યા પછી ક્રેડિટ બ્યુરોને જાહેર કરી શકે છે. કાર્ડ ખાતાઓમાં બાકી રહેતી ચૂકવણીની પ્રાપ્તિ પરનો નવો ડેટા, બેંક દ્વારા ચૂકવણીની પ્રાપ્તિની તારીખથી 60 દિવસની અંદર ક્રેડિટ બ્યુરોમાં પ્રતિબિંબિત થશે.
- AU સ્મોલ ફાઇનાન્સ બેંક કાર્ડધારકોને જણાવે છે કે AU સ્મોલ ફાઇનાન્સ બેંક તેની પોતાની વિવેકબુદ્ધિથી, ફરિયાદ સંબંધિત વાતચીત અથવા ચૂકવણી સંબંધિત વાતચીત પુનઃપ્રાપ્ત કરવાના કિસ્સામાં કાર્ડધારક અને બેંકના પ્રતિનિધિ વચ્ચેની ચોક્કસ વાતચીતો રેકોર્ડ કરશે.
- ક્રેડિટ કાર્ડના પ્રકારના આધારે કાર્ડ પર મફત ઇન્શ્યોરન્સ કવર પ્રદાન કરવામાં આવે છે. પોલિસી કવરેજ ક્રેડિટ કાર્ડ શરુ થયાની તારીખથી શરૂ થાય છે, કૃપા કરીને વિગતો માટે ઉપયોગ માટેની માર્ગદર્શિકાનો સંદર્ભ લો.

**12. લાઉન્જ એક્સેસ**

- પ્રાયોરિટી પાસ લાઉન્જ યુઝેજ ચાર્જ $27, ભારતમાં તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટની લાઉન્જ વિઝીટ માટે લાગુ થશે. ઇન્ટરનેશનલ લાઉન્જ વિઝિટ માટે પ્રાયોરિટી પાસ યુઝેજ ચાર્જ $27+ ટેક્સ, આપેલ કાર્ડના પ્રકારના આધારે કોમ્પ્લિમેન્ટરી વિઝીટ વટાવ્યા પછી લાગુ થશે.
- આ શુલ્ક વિઝીટની તારીખના 90 દિવસની અંદર કાર્ડધારકના અનુગામી સ્ટેટમેન્ટમાં બિલમાં સામેલ કરવામાં આવશે. વ્યવહારની ચુકવણીની તારીખ પ્રમાણે કરન્સી કન્વર્ઝન રેટ લાગુ થશે. બેંક દ્વારા પીપી શુલ્ક બિલમાં સામેલ કરવામાં આવે તે પહેલાં ગ્રાહકો દ્વારા કાર્ડ બંધ થવાના કિસ્સામાં, કાર્ડ બંધ થયા પછી (વિઝીટની તારીખના 90 દિવસની અંદર) પછીના સ્ટેટમેન્ટમાં પીપી શુલ્ક બિલમાં સામેલ કરવામાં આવશે.
- વેટ્ટા માટે, ABC પ્રો અને ixigo AU ક્રેડિટ કાર્ડ્સ પ્રાયોરિટી પાસ રિન્યૂઅલ/રિપ્લેસમેન્ટ 3 વર્ષની વેલિડિટી સાથે વિનંતીના આધારે જારી કરવામાં આવશે. વેટ્ટા ixigo AU અને ABC પ્રો એડ-ઓન ક્રેડિટ કાર્ડધારકો માટે માન્યતાની સમાપ્તિ પછી પ્રાયોરિટી પાસ રીન્યુ કરવામાં આવશે નહીં.

- કોઈપણ દુરુપયોગ ટાળવા માટે કૃપા કરીને પ્રાયોરિટી પાસની સલામતીની ખાતરી કરો. જો 90 દિવસથી વધુ સમય સુધી કાર્ડ બંધ રહે અથવા નિષ્ક્રિય રહે તો બેંકને પ્રાયોરિટી પાસ મેમ્બરશિપ અથવા ક્રેડિટ કાર્ડ સાથે સંબંધિત કોઈપણ અન્ય લાભ પાછી ખેંચવાનો અધિકાર છે.
- ડોમેસ્ટિક લાઉન્જ સુવિધા અને રેલ્વે લાઉન્જ સુવિધા માટે કાર્ડ વેલિડેશન શુલ્ક, કાર્ડના પ્રકારના આધારે કાર્ડધારક પાસેથી વસૂલવામાં આવશે અને તેને રિવર્સ કરવામાં આવશે નહીં. માન્ય કાર્ડધારકો ઉપયોગ કરી શકશે કેલેન્ડર ત્રિમાસિક ગાળામાં કરવામાં આવેલ ખર્ચને આધારે સ્થાનીય એરપૉર્ટ લાઉન્જનો એક્સેસ (ઝેનિથ+, કૉર્પોરેટ સિવાય)
  નિયમો અને શરતો માટે, લિંક તપાસો:
  *https://www.aubank.in/tnc/2024/revision-of-au-credit-card-usage-tnc-revision-of-usage-terms-and-conditions_jan_25.pdf*

**13. પ્રાદેશિક ભાષાઓમાં સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો**
- પ્રાદેશિક ભાષાઓમાં MITC પર માહિતી માટે કૃપા કરીને www.aubank.in ની મુલાકાત લો, નીચેના વિકલ્પો ઉપલબ્ધ છે: 1) હિન્દી 2) મરાઠી 3) ગુજરાતી 4) પંજાબી 5) બંગાળી 6) કન્નડ 7) તેલુગુ 8) ઓડિયા 9) તમિલ 10) મલયાલમ
- કાર્ડધારક આથી સ્વીકારે છે કે www.aubank.in પર પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો, સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતોના અંગ્રેજી સંસ્કરણ સમાન જ છે.
- કાર્ડધારક આથી સંમત થાય છે અને સ્વીકારે છે કે સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતોના અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં લખાણો વચ્ચે કોઈપણ અસંગતતાના કિસ્સામાં, અંગ્રેજી લખાણ પ્રચલિત રહેશે અને કાર્ડધારકને બંધનકર્તા રહેશે.

| શુલ્કનું વર્ણન | AU સ્મોલ ફાઇનાન્સ બેંક ક્રેડિટ કાર્ડ્સ | |
|---|---|---|
| **વ્યાજ મુક્ત સમયગાળો** | રોકડ ઉપાડ માટે 48 દિવસ સુધી લાગુ પડતું નથી | |
| **કેશ એડવાન્સની મર્યાદા** | **NOMO** | કાર્ડની લીમિટના 70% |
| | **Traverse (NRI)** | ક્રેડિટ કાર્ડ મર્યાદાના 50% સુધી |
| | **Altura, Altura Plus, AU SPONT, SwipeUp-Xcite Series of Cards** | કાર્ડ મર્યાદાના 40% સુધી |
| | **Vetta, Business Cashback, ABC PRO, ABC BIZ** | કાર્ડ મર્યાદાના 30% |
| | **Zenith, Zenith+, LIT, ixigo AU, ABC FLEX, ABC NXT, AU KOSMO** | કાર્ડ મર્યાદાના 20% |
| | **InstaPay** | લાગુ પડતું નથીQ |
| **રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક** | **Zenith+** | દર મહિને 1.99% (વાર્ષિક 23.88%) |
| | **All AU Retail Credit Cards Except Zenith+** | દર મહિને 3.75% (વાર્ષિક 45%) |
| **કેશ એડવાન્સ શુલ્ક** | ઉપાડેલી રકમના 2.5%, જે ન્યુનતમ ₹500ને આધીન છે | |
| | Zenith+ અને Traverse (NRI) માટે શૂન્ય કેશ વિથડ્રોઅલ ફી | |
| **ઓવરલિમિટ શુલ્ક** | ઓવરલિમિટ રકમના 2.5%, ન્યૂનતમ ₹ 500 ને આધીન | |
| **પેમેન્ટ રિટર્ન શુલ્ક** | થી અમલી, કુલ બાકી રકમના 2% અથવા ₹ 500 (ચેક, ECS/NACH, ઑટોપે રિટર્ન પર), જે વધારે હોય | |
| **કેશ પ્રોસેસ ફી** | શૂન્ય, એટલે કે, કેશ ડિપોઝીટ મોડ દ્વારા ક્રેડિટ કાર્ડ બિલની ચુકવણી માટે કોઈ શુલ્ક નથી | |
| **રીવોર્ડ પોઈન્ટ રિડેમ્પશન ફી** | ₹ 99 + જીએસટી | |
| **કાર્ડ ટ્રાન્સફર ચાર્જ** | ₹199 + જીએસટી | |

<table>
<tr><td rowspan="8">વિલંબિત ચૂકવણી પર શુલ્ક</td><td>ડ્યૂ સ્ટેટમેન્ટ બેલેન્સ</td><td>વિલંબિત ચૂકવણી પર શુલ્ક</td></tr>
<tr><td>₹ 100 કરતાં ઓછું અથવા બરાબર</td><td>શૂન્ય</td></tr>
<tr><td>₹ 100 થી વધુ અને ₹ 500 સુધી ₹ 100</td><td>₹ 100</td></tr>
<tr><td>₹ 500 થી વધુ અને ₹ 5,000 સુધી</td><td>₹ 600</td></tr>
<tr><td>₹ 5,000 થી વધુ અને ₹ 10,000 સુધી</td><td>₹ 700</td></tr>
<tr><td>₹10,000 થી વધુ અને ₹20,000 સુધી</td><td>₹ 800</td></tr>
<tr><td>₹ 20,000 થી વધુ અને ₹ 50,000 સુધી</td><td>₹ 1,100</td></tr>
<tr><td>₹ 50,000 થી વધુ</td><td>₹ 1,300</td></tr>
<tr><td>બેલેન્સ ટ્રાન્સફર/EMI<br>પ્રોસેસિંગ શુલ્ક પર BT</td><td colspan="2">બેલેન્સ ટ્રાન્સફરની રકમના 1%, ન્યુનતમ ₹250ને આધીન</td></tr>
<tr><td rowspan="2">એક્સપ્રેસ લોન</td><td colspan="2">પ્રોસેસિંગ ફી: 2% of the Loan amount</td></tr>
<tr><td colspan="2">પ્રી-ક્લોઝર શુલ્કઃ  બાકી રહેતી મુદ્દલના 3%</td></tr>
<tr><td>EMI કન્વર્ઝન શુલ્ક</td><td colspan="2">એક્સપ્રેસ EMI: EMI માં રૂપાંતરિત થતી રકમના 1%, ન્યુનતમ<br>₹ 99 + GSTને આધીન<br>lએક્સપ્રેસ EMI: કોઈપણ પોઈન્ટ-ઓફ-સેલ યુનિટ પર અથવા પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવતા દરેક EMI વ્યવહારો પર પ્રોસેસિંગ ફી તરીકે ₹ 199 + GST</td></tr>
<tr><td rowspan="7">ફ્યૂલ સરચાર્જ પર માફી<br>(400 થી 5,000 વચ્ચેના વ્યવહારો માટે લાગુ)</td><td>પ્રકાર</td><td>ફ્યૂલ સરચાર્જ પર માફી</td></tr>
<tr><td>Altura, InstaPay, AU SPONT*, NOMO, AU KOSMO</td><td>પ્રતિ સ્ટેટમેન્ટ મહિને ₹ 100 સુધી</td></tr>
<tr><td>Altura Plus</td><td>પ્રતિ સ્ટેટમેન્ટ મહિને ₹ 150 સુધી</td></tr>
<tr><td>Vetta, ixigo AU, Traverse (NRI)</td><td>પ્રતિ સ્ટેટમેન્ટ મહિને ₹ 250 સુધી</td></tr>
<tr><td>SwipeUp - Xcite Series of Cards & Business Cashback</td><td>પ્રતિ સ્ટેટમેન્ટ મહિને ₹ 200 સુધી</td></tr>
<tr><td>Zenith, Zenith+, ABC FLEX, ABC NXT, ABC PRO, ABC BIZ</td><td>પ્રતિ સ્ટેટમેન્ટ મહિને ₹ 1000 સુધી</td></tr>
<tr><td colspan="2">^એક્વાયરર દ્વારા ફ્યૂલ ટ્રાન્ઝેક્શન સરચાર્જ લાદવામાં આવે છે(વેપારીની બેંક દ્વારા ટર્મિનલ/ પેમેન્ટ ગેટવે આપીને). ફ્યૂલ સરચાર્જ માફી માન્ય ફ્યૂલ વ્યવહાર રકમના 1% પર કેપ કરવામાં આવશે. ફ્યૂલ સરચાર્જ પરનું જીએસટી ઉલટાવવામાં આવશે નહીં. સરચાર્જ અને જીએસટી એક્વાયરીંગ બેંક દ્વારા વ્યવહાર બાદ લેવામાં આવતું હોવાથી ચાર્જ સ્લીપ પરનું મૂલ્ય ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટથી અલગ રહેશે. માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં 1% સરચાર્જ માફી (જીએસટી સિવાય) માન્ય વ્યવહાર માટે અલગથી દેખાશે.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| રેલ્વે ટિકિટની ખરીદી ફી | ભારતીય રેલ્વે / IRCTC દ્વારા નિર્ધારિત | |
| કાર્ડ વેલિડેશન શુલ્ક (લાઉન્જ) | ₹ 2 | |
| પ્રાયોરિટી પાસ લાઉન્જ શુલ્ક **(Vetta, Zenith⁺, Zenith, ABC PRO, ixigo AU & Traverse (NRI)** | ભારતમાં તમામ સ્થાનીય અને આંતરરાષ્ટ્રીય એરપૉર્ટ લાઉન્જની મુલાકાતો માટે $35+ટેક્સ લાગૂપાત્ર રહેશે. આંતરરાષ્ટ્રીય લાઉન્જ મુલાકાતો માટે, આપેલ કાર્ડના પ્રકાર પર લાગૂપાત્ર હોય તે રીતે કોમ્પ્લીમેન્ટરી મુલાકાતોની મર્યાદા પૂરી થયા બાદની મુલાકાતો પર $35+ટેક્સનો પ્રાયોરિટી પાસ વપરા ચાર્જ લાગૂપાત્ર રહેશે. | |
| ખોવાયેલ, ચોરી થયેલ અથવા ક્ષતિગ્રસ્ત કાર્ડ ફરીથી જારી કરવું | ₹ 100 (₹ 2500 + ઝેનિથ માટે Zenith⁺ ક્રેડિટ કાર્ડ) | |
| આઉટસ્ટેશન ચેક પ્રક્રિયા શુલ્ક | ₹ 25/- | |
| વિદેશી ચલણ વ્યવહાર/ ડાયનામિક અને સ્ટેટિક કંવરઝ્ન વ્યવહારો - ક્રોસ કરંસી માર્કઅપ શુલ્ક | **ક્રેડિટ કાર્ડના પ્રકાર મુજબ કરન્સી** | **માર્કઅપ શુલ્ક** |
| | ABC FLEX, ABC NXT, ABC BIZ | 3.50% |
| | Altura, Altura Plus, LIT, Business Cashback, InstaPay, AU SPONT, AU KOSMO, SwipeUp - Xcite Series of Cards | 3.49% |
| | Vetta | 2.99% |
| | Zenith, ABC PRO | 1.99% |
| | Zenith⁺, NOMO, Traverse (NRI) | 0.99% |
| | ixigo AU | 0% |
| ડુપ્લિકેટ ફિઝિકલ સ્ટેટમેન્ટ માટે વિનંતી પર શુલ્ક | ₹ 100 | |
| માલ અને સેવાઓ ટેક્સ (GST) | તમામ ફી, વ્યાજ અને શુલ્ક પર 18% લાગુ. | |

**14.** ભાડું, યુટીલીટી, ફ્યૂલ અને શૈક્ષણિક વ્યવહારો પર પ્રામાણિક વપરાશ ચાર્જ લાગૂપાત્ર છેઃ

| શ્રેણી | સ્થિતિ | પ્રામાણિક વપરાશ શુલ્ક |
|---|---|---|
| ફ્યૂલ ખર્ચ(એમસીસીઃ **5172, 5541, 5542, 5552, 5983)** | જો એક કેલેન્ડર મહિનાની અંદર, સરેરાશ ખર્ચ ઓછો **હોયઃ** ક્રેડિટ લીમિટના 50% અથવા રૂા. 50,000 જે પણ ઓછું હોય તેનાથી | કોઈ શુલ્ક નહીં |
| | જો એક કેલેન્ડર મહિનાની અંદર,સરેરાશ ફ્યૂલ ખર્ચ **વધારે હોયઃ** ક્રેડિટ મર્યાદાના 50%થી અથવા રૂા. 50,000, જે પણ ઓછું હોય | સ્થિતિથી વધુ સરેરાશ ફ્યૂલ ખર્ચ પર 1% શુલ્ક |
| યુટીલીટી ખર્ચ **(MCC: 4900)** | જો એક કેલેન્ડર મહિનાની અંદર, સરેરાશ યુટીલીટી ખર્ચ, **ઓછું હોયઃ** રૂા. 50,000થી | કોઈ શુલ્ક નહીં |
| | જો એક કેલેન્ડર મહિનાની અંદર યુટીલીટી ખર્ચ, રૂા. 50,000થી | સ્થિતિથી વધુ સરેરાશ ફ્યૂલ ખર્ચ પર 1% શુલ્ક |

| | | |
|---|---|---|
| શૈક્ષણિક અને સરકારી ખર્ચ **(MCC: 8211,8220, 8241, 8244,8249, 8299.)** | કોલેજ/સ્કૂલની વેબસાઈટ દ્વારા સીધા જ અથવા તેમના સ્થળે રાખેલ પીઓએસ મશીન દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વ્યવહાર. આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક વ્યવહારો. | કોઈ શુલ્ક નહીં |
| | CRED, PhonePe, Paytm, MobiKwik, Freecharge વગેરે સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તેવી થર્ડ પાર્ટી એપ્લિકેશન્સ દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક ચૂકવણી પર માન્ય | વ્યવહારદીઠ લઘુતમ ₹99ને આધીન, વ્યવહાર મૂલ્યના 1% |
| ભાડાનો ખર્ચ **(MCC: 6513)** | આંતરરાષ્ટ્રીય ભાડા સંબંધિત વ્યવહારો | કોઈ શુલ્ક નહીં |
| | ઘરેલું ભાડા સંબંધિત વ્યવહારો | વ્યવહારદીઠ લઘુતમ ₹99ને આધીન, વ્યવહાર મૂલ્યના 1% |

**યાદ રાખોઃ**

- એયુ કોર્પોરેટ અને પરચેઝ ક્રેડિટ કાર્ડ પર પ્રામાણિક વપરાશ શુલ્ક લાગૂપાત્ર નથી
- આંતરરાષ્ટ્રીય વ્યવહારો પર પ્રામાણિક વપરાશ ચાર્જ લાગૂપાત્ર નથી
- ભારત સરકાર દર્શાવ્યા અનુસારના દરે તમામ શુલ્ક પર જીએસટી લાગૂપાત્ર રહેશે, જે હાલમાં તમામ ફી, વ્યાજ અને અન્ય શુલ્ક પર @18% છે અને બદલાવને આધીન છે.
- કોઈપણ કેલેન્ડર મહિનામાં આ વ્યવહારો માટે પ્રામાણિક વપરાશ ફી આગામી કેલેન્ડર મહિનાની 15મી તારીખ પહેલાં ચાર્જ કરવામાં આવશે. દા.ત. ઓગસ્ટમાં ફ્યૂલ અને યુટીલીટી વ્યવહારો(ફી લાદવા માટે માન્ય) માટેના શુલ્ક 15 સપ્ટેમ્બર પહેલાં ચાર્જ કરવામાં આવશે.
- ઉપરોક્ત દર્શાવેલ વેપારી શ્રેણીઓ(એમસીસી કોડ્સ) VISA/RuPay, અથવા અન્ય કોઈ નેટવર્ક પ્રોવાઈડર દ્વારા નક્કી કરવામાં/પૂરી પાડવામાં આવી છે અને કથિત એમસીસી પર ઓળખવામાં આવેલ વ્યવહારો પર ઉપરોક્ત શુલ્ક લાગૂ કરવામાં આવે છે.

ગ્રાહક સંભાળ: **1800 1200 1500** | વેબસાઇટ: **www.aubank.in**